# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૩-૨૪ ની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ...**

**જેમાં ડ્રાફટ બંધારણને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ....**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને તા.૩૦-૯-૨૦૨૪ સોમવારના રોજ ચેમ્બરની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ. પ્રમુખશ્રીએ સૌ સભ્યોનું હાર્દિક સ્વાગત કરી સમયસર કોરમ પુરૂ થઈ જતા એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરવા માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાને જણાવેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદબોધન કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગનું પ્રતિનિધિત્વ કરી રહયું છે. ત્યારે તેઓના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. વર્ષના અંતે વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવે છે. ત્યારે દરેક સભ્યોને પોતાના મંતવ્યો-પ્રશ્નો રજુ કરવાનો હકક છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વિશાળ કાર્ય ફલકને વેગ મળે તે માટે પોતાનું આધુનીક બિલ્ડીંગ બનાવવું ખાસ જરૂરી છે તે માટે સરકારશ્રી પાસે ૫૦૦૦ ચો.મી. જગ્યા માંગેલ છે તેમજ વેપાર-ઉધોગકારોને પાતાના ધંધાને વેગ મળે તે માટે એકઝીબીશન યોજવા તેમજ સરકારી મળવાપાત્ર લાભો માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું ચેરીટી કમિશ્નર સમક્ષ સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવું ખુબ જ જરૂરી છે તે માટે બંધારણ સમિતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયા, સભ્યશ્રી શિવલાલભાઈ બારસીયા, શ્રી આર.એમ. વારોતરીયા, શ્રી રમણીકભાઈ વાડોદરીયા, શ્રી રામભાઈ બરછા, શ્રી અચ્યુતભાઈ જસાણી દ્વારા છેલ્લા ૬ મહિનાથી જે જહેમત ઉઠાવેલ છે તે બદલ આભાર સાથે અભિનંદન વ્યકત કરીને બંધારણને રજીસ્ટર્ડ કરવાનો પ્રયાસ કરેલ છે. જેનાથી સરકારના તમામ લાભો મળશે તેમજ CSR ફંડ નો પણ લાભ મળી શકશે. આમ તમામ સભાસદોએ રાજકોટ ચેમ્બરની કામગીરીમાં સહભાગી થવા અનુરોધ કરેલ.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી વાર્ષિક સામાન્ય સભાની એજન્ડા મુજબની કાર્યવાહીની શરૂઆત કરતા સભાનો એજન્ડા તમામ સભ્યોને મોકલી આપેલ હતો તેની જાણ કરી વર્ષ ૨૦૨૨-૨૩ ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરેલ જે હાજર રહેલ તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ માનદમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન યોજવામાં આવેલ ૧૦૪ જેટલી મિટીંગ-મુલાકાતો, સેમિનારો-વેબીનારો, ઓપન હાઉસ, ૮૩ જેટલી અખબારી યાદીઓ તેમજ ૧૨ કારોબારી સમિતિની મિટીંગ વિગેરે કાર્યવાહીનો અહેવાલ રજુ કરેલ. જેની ઉપસ્થિત સૌ સભ્યોએ સહર્ષ નોંધ લીધેલ.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના ઓડિટે હિસાબો રજુ કરેલ અને કુલ ખર્ચ કરતા આવકમાં રૂા.૩૧,૪૦,૬૭૫/- નો વધારો થયેલ છે તે રજુ કરેલ અને ચાલુ

વર્ષ ૨૦૨૪-૨૫ નું અંદાજપત્ર રજુ કરતા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ ત્યારબાદ માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ ચાલુ વર્ષ માટે ઓડિટર તરીકે મે. ડી.વી. લાલચંદાણી એન્ડ કંપનીનું નામ સુચવતા તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

બંધારણ સમિતિના અધ્યક્ષાશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયા અને તેમની ટીમ દ્વારા રાજકોટ ચેમ્બરનું સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ રઝીસ્ટ્રેશન કરાવવાનું હોય તે માટે તૈયાર કરાયેલ ડ્રાફટ બંધારણ વાર્ષિક સામાન્ય સભામાં રજુ કરતા જણાવેલ કે, આ ડ્રાફટ બંધારણની કોપી તમામ સભ્યોને ઈ-મેઈલથી મોકલવવામાં આવેલ અને ચેમ્બરની વેબસાઈટ ઉપર પણ અપલોડ કરવામાં આવેલ હતું જેથી કરીને કોઈપણ સભ્યોને સુચનો હોય તો તે લેખીતમાં મોકલી શકે. તેના માટે વાર્ષિક સભાના સરકયુલરમાં તા.૨૩-૯-૨૦૨૪ સુધીમાં પ્રશ્નો મંગાવેલ હોવા છતા પણ વાર્ષિક સભાના દિવસે પણ જે સભ્યો દ્વારા કાંઈ વાંધા-સુચનો રજુ કરવામાં આવશે તો તેનો સમાવેશ કરવામાં આવશે.

જે અંતર્ગત વાર્ષિક સભામાં ઉપસ્થિત સભ્યો દ્વારા વાંધા-સુચનો રજુ કરવામાં આવેલ. જેમાં ખાસ કરીને તા. ૩૦મી સપ્ટેમ્બર દિવસ સુધીમાં જેમનું સભ્યપદ ચાલુ હોય તેઓ જ મતદાન કરી શકે, જુની ચુંટણી પ્રક્રિયા યથાવત રાખવી, હાલની કારોબારી સમિતિની સમય મર્યાદા પાંચ વર્ષ કરવા વિગેરે તમામ સુચનો વાર્ષિક સામાન્ય સભા સમક્ષ રજુ કરતા ઉપસ્થિત સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. તેમજ ડો.પુરૂષોતમભાઈ પીપરીયાએ ડ્રાફટ બંધારણના તમામ મુદાઓની સઘન ચર્ચા કરેલ તેમજ સભ્યો દ્વારા રજુ થતા પ્રશ્નો-સુચનો વિગેરેની રજુઆતો અંગે સંતોષકારક પ્રત્યુતર પાઠવતા સભ્યોએ હર્ષની લાગણી અનુભવેલ. આમ બંધારણ સમિતિ દ્વારા તૈયાર કરાયેલ ડ્રાફટ બંધારણને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું.

વધુમાં ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, સૌરાષ્ટ્ર-કચ્છમાંથી નિકાસનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહયુ છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી માત્ર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી જ એક એવી સંસ્થા છે જે ભારત ભરના તમામ નિકાસકારોને સર્ટીફીકેટ ઓફ ઓરીજીન તાત્કાલીક ઈશ્યું કરી રહી છે અને વર્ષ દરમ્યાન આશરે ૧૮ હજારથી પણ વધુ સર્ટીફીકેટ ઈશ્યું કરવામાં આવે છે.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે રાજકોટ ચેમ્બરના તમામ સભાસદો દ્વારા ઓડિટેડ હિસાબો, અંદાજપત્ર, ડ્રાફટ બંધારણ વિગેરે સર્વાનુમતે મંજુર કરવા અને હાલની કારોબારી સમિતિ ઉપર વિશ્વાસ મુકવા બદલ સહૃદય આભારની લાગણી વ્યકત કરેલ.

બંધારણ સમિતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયાએ જણાવેલ કે, ચેરીટી કમિશ્નર સમક્ષ ડ્રાફટ બંધારણ રજીસ્ટ્રેશન માટે મુકતા જે કાંઈ ફેરફાર કરવાનું સુચન કરવામાં આવે તો તેની તમામ સતા હાલની કારોબારી સમિતિ તથા બંધારણ સમિતિને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. ત્યારબાદ બંધારણ સમિતિનું વિસર્જન કરવામાં આવેલ. એજન્ડા પ્રમાણે તમામ કાર્યવાહી પુર્ણ થતા રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ સૌ સભ્યોનો આભાર વ્યકત કરેલ.